**વ્યારાના પેરવડમાં ચેકડેમના માટી કામમાં રોયલ્ટી ચોરી બાદ ઓવરલેપિંગ કૌભાંડ, ખાનગી એજન્સીને જે કામ આપ્યું તે જ મોટા ભાગનું કામ સિંચાઈના મિકેનિકલ વિભાગની મશીનરીઓ દ્વારા અઠવાડિયા પહેલાં કરાવી લીધું હતું, માટી પુરાણનું કામ સરકારી મશીનરીથી જ કરવાનું હતું તો તેનું ટેન્ડર કેમ બહાર પાડવામાં આવ્યું?**



ભેજાબાજોની કમાલ

# ચેકડેમ કૌભાંડમાં સરકારી ખર્ચે કામગીરી!

» ખાનગી એજન્સીને ફાયદો કરાવવાની કૂટનીતિ: ૨૫ લાખથી વધુનું કામ સિંચાઈના મિકેનિકલ વિભાગની મશીનરીઓથી કરાયું હતું » ટોપના એન્જિનિયર્સ, હેવી મશીનરીઓ હોવા છતાં સિંચાઈ વિભાગના અધિકારીઓએ તેનો ઉપયોગ ન કરતાં સરકારને કરોડોનો ચૂનો લાગ્યો

વ્યારા: વ્યારાની ઝાંખરી નદીમાં ખોટા લોકેશનના કારણે માત્ર એક જ મહિનામાં તૂટી પડેલી પેરવડ ચેકડેમ સાઈટનું હનુમંતિયામાં બેંક પ્રોટેક્શન વર્કમાં ધોવાયેલાં ખેતરોના પુરાણમાં રેતી-ભાઠું અને ગેવિયન વોલમાં હજારો ટન પથ્થરોનું નદીમાંથી પુરાણ કરી લાખોની રોયલ્ટી ચોરીનું કૌભાંડ જાણે ઓછું પડતું તેમ સિંચાઈ વિભાગના અધિકારીઓએ પુરાણનાં કામમાં ઓવરલેપિંગ કૌભાંડમાંય કોઈ કચાશ છોડી હોય તેમ લાગતું નથી. આ ચેકડેમના બેંક પ્રોટેક્શન વર્ક માટે અધધ.. કહી શકાય તેટલું રૂ.ર.૭૧ કરોડનું ટેન્ડર બહાર પાડ્યું હતું, જેમાં માટીનું પુરાણ જ આશરે ૫૦ લાખથી વધુનું ટેન્ડરમાં મૂક્યું. ખાનગી એજન્સીને જે કામ આપ્યું તે જ મોટા ભાગનું કામ સિંચાઈના મિકેનિકલ વિભાગની મશીનરીઓ દ્વારા અઠવાડિયા પહેલાં કરાવી લીધું હતું. માટી પુરાણનું કામ સરકારી મશીનરીથી જ કરવાનું હતું તો તેનું ટેન્ડર બહાર કેમ પાડવામાં આવ્યું? સિંચાઈ વિભાગની ખાનગી એજન્સીને ફાયદો કરાવવાની કૂટનીતિ એ અહીં ભ્રષ્ટાચારની ચાડી ખાઈ છે.

ઉકાઈ સિંચાઈના મિકેનિકલ વિભાગનાં છ જેટલાં ડમ્પર-પેરવડ ચેકડેમ પર હનુમંતિયામાં બેંક પ્રોટેક્શનના કામે ઉપયોગમાં લેવાયાં હતાં, જેમાં આશરે ૨૫ લાખથી વધુનું કામ તો સિંચાઈનાં મિકેનિકલ વિભાગની મશીનરીઓથી કરાયાનું બહાર આવ્યું છે. આ જ કામો કરવા ટેન્ડર પણ બહાર પાડ્યું ત્યારે કયા કામ માટે ટેન્ડર પાડ્યું અને કયા કામ મિકેનિકલ વિભાગની મશીનરીઓથી કરાયાં? બંને કામો ખાનગી કોન્ટ્રાક્ટરને ફાયદો કરાવવા ઈરાદાપૂર્વક ભેગા કરી દેવામાં આવ્યાં છે. જેથી ઓછા કામમાં વધુ ખર્ચ બતાવી સરકારી નાણાં ખંખેરી શકાય. જો માટી પુરાણમાં મિકેનિકલ વિભાગની મશીનરીનો જ ઉપયોગ કરવાનો હતો તો આટલું મોટું ટેન્ડર બહાર કેમ પાડવામાં આવ્યું? મિકેનિકલ વિભાગની માટી પુરાણની કામગીરી બાદ ટેન્ડરિંગ થયું છે. તો આ કામની રકમ ટેન્ડરમાંથી બાદ કેમ ન કરી? જો ટેન્ડરિંગ જ કરવાનું હતું તો સરકારી મશીનરીથી તે જ કામો કેમ કરવામાં આવ્યા? મોટો સવાલો સિંચાઈ વિભાગના અધિકારીઓ સામે ઉઠ્યા છે.

સિંચાઈ વિભાગે મિકેનિકલ વિભાગની મશીનરીઓનો તા.૧૫/૨/૨૦૨૪થી તા.૩૦/૩/૨૦૨૪ સુધી ઉપયોગ કર્યો છે. એટલે કે મિકેનિકલ વિભાગની મશીનરીઓથી ૪૫ દિવસ કામ લીધું છે અને ખાનગી કોન્ટ્રાક્ટરને પણ તે જ કામ ૪૫ દિવસમાં પૂર્ણ કરવાની મુદત અપાઈ, બંને મુદત સરખી છે. જો આ કામ કોન્ટ્રાક્ટર ૪૫ દિવસમાં કરી શકતો હોય તો સિંચાઈ વિભાગ પોતે કેમ નહીં? કરોડોનું ટેન્ડર બહાર પાડી સરકારી તિજોરી પર બિનજરૂરી બોજો નાંખવાને બદલે સિંચાઈ વિભાગે મિકેનિકલ વિભાગની મશીનરીઓનો ઉપયોગ કરી આ કામ પૂર્ણ કરવાની જરૂર હતી. ટોપના એન્જિનિયરો, હેવી મશીનરીઓ પોતાની પાસે હોવા છતાં સિંચાઈ વિભાગ વેર-રના અધિકારીઓએ તેનો ઉપયોગ ન કરી સરકારને ફરી એકવાર કરોડોનો ચૂનો ચોપડ્યાની છબિ અહીં ઉપસી આવી છે.




### સરકારી મશીનરીનો ઉપયોગ ન કરી શકાય

વ્યારાના પેરવડ ચેકડેમમાં માટી પુરાણના કામે ફેબ્રુઆરી-માર્ચ મહિનામાં આશરે ૪૫ દિવસ સુધી મિકેનિકલ વિભાગની છ જેટલી મશીનરીનો ઉપયોગ સિંચાઈ વિભાગે કર્યો છે. હજુ તેનાં નાણાં સિંચાઈ વિભાગે ચૂકવ્યા નથી. કોઈપણ કામનો કોન્ટ્રાક્ટ ખાનગી એજન્સીને અપાયો હોય તો સરકારી મશીનરીનો તેમાં ઉપયોગ કરી શકાતો નથી.

**-કે.એમ.ચૌધરી, કાર્યપાલક ઇજનેર, મિકેનિકલ વિભાગ, ઉકાઈ.**

# લોકો રામભરોસે: બારડોલીમાં બે કલાકમાં ત્રણ ચેઇન અને બે મોબાઇલની ચીલઝડપ

**લોકોએ** એક ચોરને પકડી પોલીસને સોંપ્યો તો તેની પાસેથી ત્રણ ચેઇન અને બે ફોન મળી આવ્યા

બારડોલી: બારડોલીમાં બે જ કલાકમાં ત્રણ ચેઇન અને બે મોબાઇલ ફોનની ચીલઝડપ થતાં ચકચાર મચી ગઈ છે. છેલ્લે તેન રોડ પર વકીલની ચેઇન આંચકવા જતાં બે પૈકી એક શખ્સ પકડાઈ જતાં તેને પોલીસને હવાલે કરવામાં આવ્યો હતો. રસ્તે ચાલતા અને ટુવ્હીલર પર જતાં લોકોના ગળામાંથી ચેન કે ફોન છીનવી લેનાર આ શખ્સ વિરુદ્ધ બારડોલી ટાઉન પોલીસમથકમાં ફરિયાદ નોંધાઈ છે. જ્યારે તેની સાથેના એકને વોન્ટેડ જાહેર કરાયો હતો.

બારડોલીના સ્ટેશન રોડ પર બેન્ક ઓફ બરોડાની બાજુમાં રહેતા અને વકીલાતના વ્યવસાય સાથે સંકળાયેલા કુંજ નિકુંજ વકીલ (ઉ.વ.37) સોમવારે રાત્રે પોતાના મિત્ર સની રાજેન્દ્રભાઈ પારેખ (રહે., ચિન્મય કોમ્પ્લેક્સ, શાસ્ત્રી રોડ, બારડોલી) સાથે મોપેડ પર બારડોલીના સ્ટેશન રોડ પરથી તેન રોડ થઈ અલંકાર સિનેમા તરફ જઇ રહ્યા હતા. એ સમયે પંડ્યા ટ્રાવેલ્સની ઓફિસ પાસેથી પસાર થતી વખતે પાછળથી મોટરસાઇકલ પર આવેલા બે ઇસમ પૈકી પાછળ બેઠેલા ઇસમે કુંજના ગળામાંથી સોનાની ચેઇન ખેંચી લીધી હતી. આ દરમિયાન બંનેની બાઇક નીચે પડી ગઈ હતી. ચેઇન ખેંચી જનાર બંને શખ્સ પકડાઈ જવાની બીકે ભાગવા લાગ્યા હતા. લોકોએ પીછો કરતાં એક શખ્સ હીરાચંદનગર તરફ નાસી છૂટ્યો હતો. જ્યારે સેન્સેરીતે સ્કૂલ તરફ ભાગતા શખ્સને પીછો કરી કુંજ વકીલે ઝડપી લીધો હતો. લોકો એકત્રિત થઈ જતાં તેને મેથીપાક આપી પોલીસને હવાલે કર્યો હતો. પોલીસ તપાસમાં તેની પાસેથી ત્રણ સોનાની ચેઇન અને ત્રણ મોબાઇલ ફોન મળી આવ્યો હતો. જે પૈકી ચેઇન અને બે ફોન તેણે રસ્તે ચાલતા જતા કે બાઇક પર જતાં લોકો પાસેથી છીનવી લીધા હતા. પોલીસે પકડાયેલા સોપાન દેવ સખારામ પાટીલ (રહે., આરાધના ડ્રીમ, જોળવા, તા.પલસાણા, મૂળ રહે., સબગપાલ, જિ.જલગાંવ, મહારાષ્ટ્ર)ની ધરપકડ કરી તેની સાથેના કરણ ઉર્ફે બગ્ગા નામના ઈસમને વોન્ટેડ જાહેર કર્યો હતો. તેની પાસેથી કુલ 1.20 લાખ રૂપિયાનો મુદ્દામાલ કબજે કર્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે, કરોડો રૂપિયાના ખર્ચે લગાવેલા સીસીટીવી પૈકી મોટા ભાગના કેમેરા બંધ હાલતમાં હોવાથી પોલીસ માટે કોઈ કામમાં આવતા નથી.

### બે કલાકમાં ચાર સ્નેચિંગનો ઘટનાક્રમ

» **રાત્રે 8 વાગ્યે :** હીરાચંદનગરમાં આવેલા સાઈદર્શન એપાર્ટમેન્ટમાં રહેતા દિલીપભાઇ જયંતીલાલ શાહ મોપેડ પર સ્ટેશન રોડ પરથી મુદિત પેલેસ પર જઈ રહ્યા ત્યારે ગોવિંદાશ્રમ પાસે આ શખ્સોએ 13 ગ્રામની સોનાની ચેન આંચકી લીધી હતી.

» **રાત્રે 8.45 વાગ્યે :** શાસ્ત્રી રોડ પર આવેલી નંદીગ્રામ સોસાયટીમાં રહેતા જિગ્નેશકુમાર કનૈયાલાલ ટાંક નોકરી પરથી ફોન પર વાત કરતાં કરતાં ઘરે જતા હતા ત્યારે ગાંધી રોડ પર અકસાનગર પાસે તેમનો ફોન છીનવી લીધો હતો.

» **રાત્રે 9 વાગ્યે :** બારડોલીના તેન રોડ પર સુરત મેડિકલની પાછળ નવરંગ ઘરમંડળીમાં રહેતાં મિતલબેન નરેશકુમાર શાહ હીરાચંદનગર પાસે આવેલા જૈન મંદિરેથી પોતાના ઘરે પરત ફરી રહ્યાં હતાં ત્યારે બાફના સ્ટોર પાસે હાથમાંથી પર્સ છીનવી ગયા હતા, જેમાં એક મોબાઇલ ફોન હતો.

» **રાત્રે 9.15 વાગ્યે :** શાસ્ત્રી રોડ પર આવેલ સાઈદર્શન સોસાયટીમાં રહેતાં કૌશલ્યબેન અમરજીત સહાની તેમના દીકરા સૂરજ સાથે મોપેડ પર સ્વામિનારાયણ મંદિર પાસેથી ઘર તરફ જતાં હતાં ત્યારે હેડગેવાર સર્કલ પાસે તેમના ગળામાંથી 15 તોલાની ચેઇન આંચકી લીધી હતી.

» **રાત્રે 10 વાગ્યે :** સ્ટેશન રોડ પર બેન્ક ઓફ બરોડાની બાજુમાં રહેતા કુંજ નિકુંજ વકીલ તેમના મિત્ર સાથે મોપેડ પર તેન રોડ પરથી પસાર થતા હતા ત્યારે મોટરસાઇકલ પર આવેલા બે શખ્સે અંદાજિત 20 તોલાની ચેન આંચકી લીધી હતી. જો કે, આ ઘટનામાં બે પૈકી એક શખ્સ ઝડપાઇ ગયો હતો.

## સંક્ષિપ્ત સમાચાર

### વ્યારામાં છ મહિના પહેલા ગુમ થયેલો યુવક જંગલમાંથી મળી આવ્યો

વ્યારા: વ્યારામાં આશરે છ મહિના પહેલાં ગુમ થનાર સન્મુખ રતજી ગામીત (ઉં.વ.૨૪) (રહે., કાટકુઈ, ડુંગરી ફળિયું, તા.વ્યારા)ને વ્યારા પોલીસે કરંજવેલના જંગલોમાંથી શોધી તેને તેનાં માતા-પિતાને સોંપ્યો હતો.

### ઓલપાડમાં મહિલાનો આપઘાત

સાયણ: ઓલપાડના નિહોરાનગરના જોગીવાડમાં રહેતા દિનેશ નાનુ ગૌસાઈ ગેસ કૂકર મેકેનિકનું કામ કરે છે. જેની પત્ની વર્ષા (ઉં.વ.૪૨) એ ગત સોમવારે રાત્રે ઘરની છત ઉપર લાકડાં સાથે ઓઢણી બાંધી ફાંસો ખાઇ લીધો હતો. આ બાબતે મૃતક મહિલાના પતિ દિનેશભાઈએ ઓલપાડ પોલીસમથકમાં પત્નીના આપઘાતની ફરીયાદ નોંધાવી હતી.

### પીપોદરાનો બુટલેગર ઝડપાયો



હથોડા: પાલોદ પોલીસ ચોકી હદ વિસ્તારના પીપોદરા ગામના બુટલેગરનો એક મહિના પહેલાં કોસંબા પોલીસે રેડ કરીને ઈંગ્લિશ દારૂનો મુદ્દામાલ ઝડપી પાડ્યો હતો. ત્યારે એક બુટલેગર ઝડપાયો હતો. જ્યારે બીજો સાગર હસમુખ વસાવા (રહે.,પીપોદરા) એક મહિનાથી માત્ર એક કિલોમીટરના અંતરે આવેલી પાલોદ પોલીસને કોઈક કારણસર હંફાવી રહ્યો હતો. જેને સુરત જિલ્લા એસઓજી પોલીસે પાલોદ પોલીસ ચોકીની નજીક આવેલ ઝમઝમ રેસિડેન્સીના ગેટ પાસેથી જ બાતમીના આધારે ઝડપી લઇ કાર્યવાહી કરી હતી.

### દિગંબર જૈન આચાર્યની ચાતુર્માસ અર્થે માંડવી નગરમાં પધરામણી




માંડવી: તા.6 જૂન ને રવિવારે અષાઢ બીજના પાવન અવસરે દિગંબર જૈન સમાજના આચાર્ય 108 શ્રી શ્રેયસાગરજી મહારાજ પોતાના સંઘ સાથે ચાતુર્માસ અર્થે માંડવી નગરમાં આવેલા પ્રવેશદ્વાર પાસે પધારતાં ઢોલ-નગારાં, વાજિંત્ર સાથે ઉત્સાહભેર શ્રી સંઘનું ભવ્ય સ્વાગત કરી તેમજ શ્રાવકોએ પોતાના ઘરઆંગણે ગુરુદેવનું પાદ પ્રક્ષાલન કરી દેરાસરમાં પ્રવેશ કરાવતાં સમગ્ર વાતાવરણ ધાર્મિક અને ભક્તિમય બન્યું હતું. આ જૈન આચાર્ય ચાતુર્માસના ચાર માસ સુધી માંડવી નગરના 223 વર્ષ પૌરાણિક દિગંબર જૈન દેરાસરમાં રોકાશે.

### ડોલારા બસ સ્ટેન્ડ પાસે યુવક ઉપર હુમલો

વ્યારા: વ્યારાના ડોલારા બસ સ્ટેન્ડ પાસે દિલખુશ ચાઇનીઝની દુકાન પાસે વ્યારાના પેરવડ ગામે અભિષેક હરેશ ગામીત સાથે જૂની અદાવત રાખી રાહુલ ગામીત (રહે.,વાલોઠા, તા.વ્યારા), અજય ગામીત, સંજય ગામીત, રાજુ ગામીત (તમામ રહે.,ડોલારા, તા.વ્યારા)એ ઢીકમુક્કીનો માર માર્યો હતો. હાથમાં પહેરેલું કડું અભિષેકના માથામાં મારી દેતાં વચ્ચે છોડાવવા પડેલ મેહુલને થપ્પડ મારી દેતાં આ ચારેય વિરુદ્ધ ગુનો નોંધાયો છે.

# અબ્રામા ગામના મહાદેવ મંદિરમાંથી ચાર દાનપેટી, ચાંદીના છત્ર, નાગદેવતાની ચોરી

**તાપી** નદી કિનારે બેસી તસ્કરો ચાર દાનપેટીમાંથી રૂપિયા કાઢી પલાયન

કામરેજ: કામરેજના અબ્રામાની હદમાં આવેલા અમલેશ્વર મહાદેવ મંદિર આવેલું છે. આ મંદિરના પૂજારી તરીકે મૂકેશ ગિરજાશંકર વેદ મહાદેવની પૂજા-અર્ચના કરે છે. સોમવારે રાબેતા મુજબ રાત્રે પૂજા કર્યા બાદ મંદિરની પાસે ઘરે જતા રહ્યા હતા. બાદ મંગળવારે સવારે પૂજા કરવા માટે જતા ચોરી થઈ હોવાનો અંદાજ આવતાં ગામના લોકોને જાણ કરી હતી. બાદ તપાસ કરતાં મંદિરમાં મૂકેલી ચાર દાનપેટી, મહાદેવના શિવલિંગના ઉપરનું ચાંદીનું છત્ર, ચાંદીના નાગ દેવતાની ચોરી કરી બે અજાણ્યા શખ્સો નાસી છૂટ્યા હતા. આથી મંદિરમાં લગાવેલા સીસીટીવી કેમેરા ચેક કરતાં બે ઈસમ રાત્રિ 12.31 કલાકે આવ્યા હોવાનું નજરે પડ્યું હતું. તસ્કરો ચાર દાનપેટી લઈ ગામના તાપી નદી કિનારે ગયા અને દાનપેટીના રોકડા રૂપિયા કાઢી લીધા બાદ દાનપેટી મૂકી જતા રહ્યા હતા.

# કડવી દાદરા ગામે અસ્થિર મગજની યુવતી સાથે દુષ્કર્મ

**અસ્થિર** મગજની યુવતીની એકલતાનો લાભ લઈ નરાધમે કુકર્મ આચર્યું

વાંકલ: ઉંમરપાડામાં રેપ વિથ મર્ડરની ઘટનાને થોડા જ દિવસો થયા છે ત્યાં દુષ્કર્મની ઘટના પ્રકાશમાં આવી છે.

ઉંમરપાડાના કડવી દાદરા ગામના નિશાળ ફળિયામાં રહેતી અસ્થિર મગજની યુવતી સાથે ગામનો જ 41 વર્ષીય મુકેશ દેવસિંગ દુષ્કર્મ આચરી નરાધમ ભાગી છૂટ્યો હતો. ઘરમાં અસ્થિર મગજની યુવતી એકલી હતી. એ દરમિયાન યુવતી સાથે મરજી વિરુદ્ધ શારીરિક સંબંધ બાંધ્યો હતો. આ અંગેની ફરિયાદ થતાં ઉંમરપાડા પોલીસે નરાધમને ગણતરીના કલાકોમાં ઝડપી જેલહવાલે કરી દીધો હતો. નરાધમ પર લોકોએ ફિટકાર વરસાવ્યો હતો. આ અંગેની વધુ તપાસ પો.સ.ઈ. એ.ડી.સાબડ કરી રહ્યા છે.

### સોનગઢના સેલ્જર ગામના યુવકનો તરુણી પર બળાત્કાર

વ્યારા: સોનગઢના સેલ્જર ગામે નિશાળ ફળિયામાં રહેતા દિલીપ જયેશ કોંકણીએ આજથી પાંચેક માસ પહેલાં ૧૫ વર્ષ ૨ માસની તરુણીને લગ્ન કરવાની લાલચ આપી તેણીની મરજી વિરુદ્ધ દુષ્કર્મ આચરતાં આ હવસખોર વિરુદ્ધ ભોગ બનનાર તરુણીની માતાની ફરિયાદના આધારે પોલીસે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

# ઊલટી ગંગા: સરસમાં વહુ સાથે ઝઘડો થતાં સાસુનો એસિડ પી આપઘાત

**62 વર્ષની** વૃદ્ધાને વહુ સાથે ઘરના કામ બાબતે બોલાચાલી થઈ હતી

સાયણ: ઓલપાડના કાંઠા વિસ્તારના સરસ ગામે વહુ સાથે ઘરના કામકાજ બાબતે ઝઘડો થતાં એસિડ પી ગયેલી સાસુનું હોસ્પિટલમાં ચાલુ સારવાર દરમિયાન મોત થયું હતું. ઓલપાડના સરસ ગામે કુંભારવાડ ફળિયામાં ભગુ લલ્લુ લાડ રહે છે. ગત સોમવારે તેમની પત્ની વાસંતીબેન (ઉં.વ.૬૨)ને પોતાના પુત્રની પત્ની સાથે ઘરના કામકાજ બાબતે બોલાચાલી બાદ ઝઘડો થયો હતો. જેથી વાસંતીબેનને મનમાં લાગી આવતાં મળસકે ૩ કલાકે ઘરના પાછળના ભાગે આવેલા બાથરૂમમાંથી એસિડની બોટલ લાવી એસિડ પી ગઈ હતી. જેથી વાસંતીબેનને સારવાર અર્થે સુરત-અડાજણની એક ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. જ્યાં ચાલુ સારવાર દરમિયાન વાસંતીબેનનું બપોરે ૨:૩૮ કલાકે મોત થયું હતું. આ બાબતે મૃતકના પુત્ર કેવિન લાડે ઓલપાડ પોલીસમથકમાં જાણ કરી હતી. જેના પગલે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ અ.હે.કો.નિતેશ માનસિંગ કરી રહ્યા છે.

# કરંજમાં તલાટી-કોમ્પ્યુટર ઓપરેટર લાંચ લેતાં ઝડપાયા

**કરંજ** ગામે ખરીદેલી મિલકતમાં પોતાનું નામ દાખલ કરવા રૂ.3500ની લાંચ માંગી હતી



માંડવી: માંડવીના કરંજ ગામે મિલકત ખરીદતા મિલકતમાં નામફેર કરવા અવેજ પેટે લાંચ માંગતાં જાગૃત નાગરિકે એસીબીમાં ફરિયાદ કરી હતી. મંગળવારે કરંજ ગ્રામ પંચાયત ખાતે રૂ.3500ની લાંચ લેતાં તલાટી અને કોમ્પ્યુટર ઓપરેટર રંગે હાથ ઝડપાતાં સરકારી બાબુઓમાં ફફડાટ ફેલાયો હતો.

માંડવી-કીમ રોડ પર કરંજ ગ્રામ પંચાયત વિસ્તારમાં મિલકત ખરીદીમાં પોતાનું નામ દાખલ કરવા મિલકત નામફેરનું ફોર્મ ભર્યું હતું. જે બાબતે તલાટી જિગ્નેશ પ્રફુલભાઈ પટેલ તથા કોમ્પ્યુટર ઓપરેટર પ્રિતેશ ઉર્ફે પીન્ટુ મણિલાલ વસાવાએ મિલકતમાં નામફેર કરવાની અવેજ પેટે રૂ.5000ની લાંચની માંગણી કરી હતી. જે રકઝક બાદ રૂ.3500 આપવાનું નક્કી કર્યું હતું. પરંતુ ફરિયાદી લાંચ આપવા ન માંગતા હોવાથી એ.સી.બી.નો સંપર્ક કરી ફરિયાદ આપી હતી. જેના આધારે મંગળવારે લાંચનું છટકું ગોઠવતાં ફરિયાદી સાથે હેતુલક્ષી વાતચીત કરી તથા લાંચની રકમ રૂ.3500 સ્વીકારતાં બંને આરોપી સ્થળ પર પકડાઈ ગયા હતા. આ ટ્રેપિંગ અધિકારી પોલીસ ઈન્સ્પેક્ટર કે.આર.સકસેના, ફિલ્ડ તથા એ.સી.બી. સ્ટાફે કર્યું હતું. જ્યારે સુપરવિઝન અધિકારી આર.આર. ચૌધરી, મદદનીશ નિયામક,એ.સી.બી. કરી રહ્યા છે.


Milano MULTIPLEX
બારડોલી
KALKI 2898 AD
11:00am, 12:30pm, 02:30pm, 06:00pm, 09:30pm
KILL
10:00am, 04:00pm, 6.30pm, 10:00pm
Ph:- 02622-230068
*Movie schedule and timings are subject to change without any prior notice
સંપર્ક: 98791 33333


### વેચાણ અંગેની જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તમામને જણાવવાનું કે, **ભરૂચ ડીસ્ટ્રીકટ હાંસોટ સબ-ડીસ્ટ્રીકટનાં મોજે ગામ-સુણેવખુર્દ ના ખાતા નંબર-૮૨૭ જેનો બ્લોક/સર્વે નંબર-૩૫૦ (જુનો બ્લોક/સર્વે નંબર-૩૨૭)** જેનુ કુલ ક્ષેત્રફળ હેકટર ૦-૩૮-૧૭ આરે.ચો.મી., જેનો આકાર રૂા.૩-૯૦ પૈસાવાળી ખેડખાતાની ખેતીની જુની શરતની જમીન **કમલાબેન તે દુર્લભભાઈ ગોમાનભાઈ પટેલની વિધવા** વિગેરેનાં નામે ચાલી આવેલ છે. સદરહું જમીન તેમની પાસેથી અમારા અસીલે વેચાણ રાખવાનું નકકી કરેલ. અને ટુંક સમયમાં અમારા અસીલ મજકુર જમીનનો વેચાણ દસ્તાવેજ કરાવી લેનાર છે. જે સંજોગોમાં આ નોટીસ થકી જણાવવાનું કે, ઉપર જણાવેલ મિલકત બાબત કોઈનો કોઈપણ જાતનો હકક,હિત,હિસ્સો,લાગભાગ,દર-દાવો,મોરગેજ,ટાંચ વિગેરે હોય તો તેઓએ **દિન-૭** માં દસ્તાવેજી પુરાવાઓ સહિત હમોને ખુલાસો કરવો. ત્યારબાદ સદરહું મિલકતમાં કોઈનો કોઈપણ પ્રકારનો હકક રહેલ નથી તથા તેવા તમામ હકકો જતા કરેલ યાને વેઈવ થયેલ છે. એમ સમજી વેચાણ લેનાર મુદતમાં વેચાણ દસ્તાવેજ રજીસ્ટર્ડ કરાવી લેશે. પાછળથી કોઈની કોઈપણ જાતની તર-તકરાર, દરદાવો ચાલશે નહિ. જેની લાગતા વળગતા તમામે નોંધ લેવી.

**જતીન એમ. પટેલ**
**તે ખરીદનારનાં એડવોકેટ (મો.૯૬૮૭૮૧૨૧૧૮)**
**સ્થળ : ભરૂચ**
**તારીખ : ૦૯-૦૭-૨૦૨૪**
**ઠેકાણું : મુ.પો.કતપોર,તા.હાંસોટ,જી.ભરૂચ**

### જાહેર નોટીસ - વી.કે.પીપળીયા, સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, કામરેજની કોર્ટમાં

નં,એમએજી/જ.મ.પ્ર./રજી.નં.૧૩૭/૨૦૨૪
સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, કામરેજ પ્રાંત કચેરી, તા.કામરેજ,જી.સુરત, તા.૦૯/૦૭/૨૦૨૪

વાદી: પ્રિયંકાબેન અનિલભાઈ રાઠોડની પુત્રી તે સુમિતકુમાર રાઠોડની પત્ની રહે. ઉધના પાર્ક, રેલવે કોલોની, ઉધના, તા.ચોર્યાસી, જી.સુરત

વિરૂધ્ધ

સામાવાળા : જન્મ-મરણ નોંધણી રજીસ્ટ્રાર અને ત.ક.મંત્રીશ્રી ઘલા ઘલા ગ્રામ પંચાયત, તા.કામરેજ, જી.સુરત

વિષય : જન્મ-મરણ અધિનિયમની કલમ-૧૩(૩) મુજબ મરણની નોંધણી કરાવવા બાબત

આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે સદર અરજીમાં વાદીશ્રી પ્રિયંકાબેન અનિલભાઈ રાઠોડની પુત્રી તે સુમિતકુમાર રાઠોડની પત્ની, રહે. ઉધના પાર્ક, રેલવે કોલોની, ઉધના, તા.ચોર્યાસી, જી.સુરતના દાદા શૈલેશભાઈ નારણભાઈ રાઠોડનું મરણ તા.10/01/1986 ના રોજ ઘલા, તા.કામરેજ, જી.સુરત ખાતે થયેલ છે અને તેઓના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરાવવાની રહી ગયેલી છે. તેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર મરણની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ પણ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦ માં યા તો મુદત તા.૧૩/૦૮/૨૦૨૪ ના રોજ વાંધો રજુ કરવો. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૦૯/૦૭/૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

(કોર્ટનો સિક્કો)
હુકમથી (વી.કે.પીપળીયા)
સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ કામરેજ પ્રાંત, કામરેજ

### જાહેર નોટીસ મહે. ઓલપાડના જયુ. મેજી. ફ. ક. સાહેબની કોર્ટમાં

પરચુરણ અરજી નં. ૩૧૬/૨૦૨૪, અરજદારના વકીલ : ડી. એમ. પરમાર

અરજદાર : વંદનાબેન કૃષ્ણમુખલાલ શુકલ ને અજીત ઉપાધ્યાયની ધણીયાણી
મૂળ રહે. સરસ, તા. ઓલપાડ, જિ. સુરત. હાલ રહે. ફલેટ નં.૨૩, ગ્રાઉન્ડ ફલોર, એફ-વીંગ, દત્તાની નગર ૧ સી.એચ.એસ.એલ., એસ.વી. રોડ, કોરા કેન્દ્ર નજીક, બોરીવલી (વેસ્ટ), મુંબઈ.

સામાવાળા : જન્મ-મરણ નોંધણી અધિકારી, મામલતદાર સાહેબશ્રી, મામાલતદાર કચેરી, ઓલપાડ

:: જાહેર નોટીસ ::

આથી આ જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કે, ઉપરોકત અરજદારે પોતાના જન્મનાં પ્રમાણપત્રમાં જન્મ તારીખ ૨૩/૧૦/૧૯૫૬ લખાયેલ છે. જેના સ્થાને તા.૦૫/૦૭/૧૯૫૬ તથા વંદનાબહેન લખાયેલ છે તેના સ્થાને વંદના તેમજ કૃષ્ણામુખલાલ લખાવેલ છે તેના સ્થાને કૃષ્ણમુખ મુજબનો સુધારો કરવા હાલની અરજી અંત્રેની કોટમાં આપેલ છે.

સદરહુ અરજીની સુનાવણી તા.૨૯/૦૭/૨૦૨૪ ના રોજ સવારે ૧૦-૩૦ વાગ્યે રાખવામાં આવેલ છે. જે કોઈ ઈસમ તથા સરકારી, અર્ધસરકારી, પેઢી, મંડળી, વ્યકિત, કંપની, સંસ્થા વિગેરેને સદરહુ અરજી વિરુધ્ધ કોઈપણ પ્રકારનો વાંધો વિરોધ હોવ તો જાતે અથવા વકીલ મારફતે અત્રેની કોટમાં અચુક હાજર રહેવા નોંધ લેશો. જો તેમ કરવામાં કસુર કરશો તો કાયદા અન્વયે યોગ્ય હુકમ કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તા.૦૯મી જુલાઈ સને ૨૦૨૪ ના રોજ મારી સહી તથા સીકકો કરી આપ્યો છે.

| તૈયાર કરનાર | મુકાબલ કરનાર | | હુકમથી |
|---|---|---|---|
| આસીસ્ટન્ટ | સુપ્રિન્ટેન્ડન્ટ | (કોર્ટનો સિક્કો) | રાજીસ્ટ્રાર |
| સીવીલ કોર્ટ ઓલપાડ | સીવીલ કોર્ટ, ઓલપાડ | | સીવીલ કોર્ટ, ઓલપાડ |

### જાહેર નોટીસ - વી.કે.પીપળીયા, સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, કામરેજની કોર્ટમાં

નં,એમએજી/જ.મ.પ્ર./રજી.નં.૧૩૮/૨૦૨૪
સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, કામરેજ પ્રાંત કચેરી, તા.કામરેજ,જી.સુરત, તા.૦૯/૦૭/૨૦૨૪

વાદી: નયનાબેન ડાહ્યાભાઈ રાઠોડની પુત્રી તે પ્રવિણભાઈ રાઠોડની પત્ની રહે. ૧૫/સી, આદર્શ પછાત વર્ગ સોસાયટી, અઠવાલાઈન્સ, સુરત

વિરૂધ્ધ

સામાવાળા : જન્મ-મરણ નોંધણી રજીસ્ટ્રાર અને ત.ક.મંત્રીશ્રી ઘલા ઘલા ગ્રામ પંચાયત, તા.કામરેજ, જી.સુરત

વિષય : જન્મ-મરણ અધિનિયમની કલમ-૧૩(૩) મુજબ મરણની નોંધણી કરાવવા બાબત

આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે સદર અરજીમાં વાદીશ્રી નયનાબેન ડાહ્યાભાઈ રાઠોડની પુત્રી તે પ્રવિણભાઈ રાઠોડની પત્ની, રહે. ૧૫/સી, આદર્શ પછાત વર્ગ સોસાયટી, અઠવાલાઈન્સ, સુરતના પિતા ડાહ્યાભાઈ રણછોડભાઈ રાઠોડનું મરણ તા.15/10/1977 ના રોજ ઘલા, તા.કામરેજ, જી.સુરત ખાતે થયેલ છે અને તેઓના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરાવવાની રહી ગયેલી છે. તેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર મરણની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ પણ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦ માં યા તો મુદત તા. ૧૩/૮/૨૦૨૪ ના રોજ વાંધો રજુ કરવો. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૦૯/૦૭/૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

(કોર્ટનો સિક્કો)
હુકમથી (વી.કે.પીપળીયા)
સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ કામરેજ પ્રાંત, કામરેજ

### જાહેર નોટીસ - કૌશિક જાદવ, GAS સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ માંડવીની કોર્ટમાં, મુ.માંડવી

નં.જન્મ-મરણ/અપીલ નં.૧૮૭/૨૦૨૪
તા.૦૯/૦૭/૨૦૨૪

વાદી: સન્મુખભાઈ અમરસિંગભાઈ ચૌધરી, રહે.વાંકલા, બાવળી ફળિયું, તા.માંડવી, જી.સુરત.

વિરૂધ્ધ

પ્રતિવાદી :- જન્મ-મરણ રજિસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી વાંકલા ગૃપ ગ્રામ પંચાયત, તા.માંડવી, જી.સુરત

વિષય:- જન્મ મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ ૧૩(૩) અન્વયે જન્મની નોંધણી બાબત.

આથી આ જાહેર નોટીશથી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે અરજદારશ્રી સન્મુખભાઈ અમરસિંગભાઈ ચૌધરી, રહે.વાંકલા, બાવળી ફળિયું, તા.માંડવી, જી.સુરતએ તેઓ પોતે સન્મુખભાઈ અમરસિંગભાઈ ચૌધરીનાં જન્મની નોંધણી જે તે વખતે કરાવવાની રહી ગયેલી છે. જેની નીચેની વિગતે નોંધણી કરવા સામાવાળાને આદેશ કરવા માટેની અરજી અત્રેની કોર્ટમાં આવેલ છે. ૧. નોંધણી કરાવવાની છે તેનું નામ: સન્મુખભાઈ અમરસિંગભાઈ ચૌધરી ૨. જન્મ તારીખ: ૦૫/૦૬/૧૯૬૭ ૩. જન્મનું સ્થળ: મોજે.વાંકલા, તા.માંડવી, જી.સુરત

સબબ, ઉપરોક્ત વિગતે સન્મુખભાઈ અમરસિંગભાઈ ચૌધરીના જન્મની નોંધણી કરવા સામાવાળાને અત્રેથી હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં દિન-૩૦માં અથવા આ કામની સુનાવણી તા.૦૫/૦૮/૨૦૨૪ના રોજ વાંધો રજૂ કરવો. જો વાંધો રજૂ કરવામાં નહીં આવે તો કોઈને વાંધો નથી એમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ રોજ તા.૦૯/૦૭/૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

(કોર્ટનો સિક્કો)
હુકમથી (કૌશિક જાદવ)
સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ, માંડવી જિ.સુરત

### જાહેર નોટીસ - વી.કે.પીપળીયા, સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, કામરેજની કોર્ટમાં

નં,એમએજી/જ.મ.પ્ર./રજી.નં.૧૧૧/૨૦૨૪
સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, કામરેજ પ્રાંત કચેરી, તા.કામરેજ,જી.સુરત, તા.૦૯/૦૭/૨૦૨૪

વાદી: જીતેશભાઈ રામુભાઈ રાઠોડ રહે. હળપતિવાસ, મોજે.ઘલા, તા.કામરેજ, જી.સુરત

વિરૂધ્ધ

સામાવાળા : જન્મ-મરણ નોંધણી રજીસ્ટ્રાર અને ત.ક.મંત્રીશ્રી સેવણી સેવણી ગ્રામ પંચાયત, તા.કામરેજ, જી.સુરત

વિષય : જન્મ-મરણ અધિનિયમની કલમ-૧૩(૩) મુજબ મરણની નોંધણી કરાવવા બાબત

આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે સદર અરજીમાં વાદીશ્રી જીતેશભાઈ રામુભાઈ રાઠોડ, રહે. હળપતિવાસ, મોજે.ઘલા, તા.કામરેજ, જી.સુરતના પિતા રામુભાઈ રવજીભાઈ રાઠોડનું મરણ તા.10/06/2015 ના રોજ સેવણી; તા.કામરેજ, જી.સુરત ખાતે થયેલ છે અને તેઓના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરાવવાની રહી ગયેલી છે. તેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર મરણની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ પણ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦ માં યા તો મુદત તા.૧૩/૮/૨૦૨૪ ના રોજ વાંધો રજુ કરવો. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૦૯/૦૭/૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

(કોર્ટનો સિક્કો)
હુકમથી (વી.કે.પીપળીયા)
સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ કામરેજ પ્રાંત, કામરેજ

### જાહેર નોટીસ - કૌશિક જાદવ, GAS સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ માંડવીની કોર્ટમાં, મુ.માંડવી

નં.જન્મ-મરણ/અપીલ નં.૧૬૫/૨૦૨૪
તા.૦૧/૦૭/૨૦૨૪

વાદી: ડાહ્યાભાઈ હિંમતભાઈ પરમાર, રહે.હરીજનવાસ, કંટવા, તા.માંગરોળ, જી.સુરત.

વિરૂધ્ધ

પ્રતિવાદી :- જન્મ-મરણ રજિસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી કંટવા ગ્રામ પંચાયત, તા.માંગરોળ, જી.સુરત

વિષય:- જન્મ મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ ૧૩(૩) અન્વયે મરણની નોંધણી બાબત.

આથી આ જાહેર નોટીશથી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે અરજદારશ્રી ડાહ્યાભાઈ હિંમતભાઈ પરમાર, રહે. હરીજનવાસ, કંટવા, તા.માંગરોળ, જી.સુરતએ તેઓના માતા માનીબેન હિંમતભાઈ પરમારનાં મરણની નોંધણી જે તે વખતે કરાવવાની રહી ગયેલી છે. જેની નીચેની વિગતે નોંધણી કરવા સામાવાળાને આદેશ કરવા માટેની અરજી અત્રેની કોર્ટમાં આવેલ છે. ૧. નોંધણી કરાવવાની છે તેનું નામ: માનીબેન હિંમતભાઈ પરમાર ૨. મરણ તારીખ: ૧૮/૦૯/૨૦૨૨ ૩. મરણનું સ્થળ: મોજે.કંટવા, તા.માંગરોળ, જી.સુરત

સબબ, ઉપરોક્ત વિગતે માનીબેન હિંમતભાઈ પરમારના મરણની નોંધણી કરવા સામાવાળાને અત્રેથી હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં દિન-૩૦માં અથવા આ કામની સુનાવણી તા.૨૫/૦૭/૨૦૨૪ના રોજ વાંધો રજૂ કરવો. જો વાંધો રજૂ કરવામાં નહીં આવે તો કોઈને વાંધો નથી એમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ રોજ તા.૦૧/૦૭/૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

(કોર્ટનો સિક્કો)
હુકમથી (કૌશિક જાદવ)
સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ, માંડવી જિ.સુરત